Sandesh (Suppl.: Citylife)

EDII

July 16, 2023
Pg.6

### ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લાએ કહ્યું

# કોમર્સ અને સો.મીડિયા વૈશ્વિક સ્તરે બિઝનેસ લેન્ડસ્કેપને બદલી રહ્યાં છે

## EDIIના પ્રોજેક્ટ હસ્તકલા સેતુ યોજનાને પ્રતિષ્ઠિત સ્કોચ એવોર્ડ હેઠળ ગોલ્ડ મેડલ મળ્યો

**સિટી લાઇફ |** ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનરેટ (CCRI) દ્વારા શરૂ કરાયેલ અને સમર્થિત તથા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), દ્વારા અમલમાં મૂકવામાં આવેલી પ્રોજેક્ટ હસ્તકલા સેતુ યોજનાને SKOCH એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની શ્રેણી હેઠળ ગોલ્ડ મેડલ જીત્યો છે. આ એવોર્ડના નોમિનેશનની પ્રક્રિયા ચાલ મહિના સુધી ચાલી હતી. હસ્તકલા યોજના માટે રાજ્ય સરકારની કેટેગરી હેઠળ અરજી કરવામાં આવી હતી. પસંદગીના ત્રણ રાઉન્ડ બાદ રાજ્ય સરકારના ૪૨ પ્રોજેક્ટને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા. અંતિમ પેનલ ડિસ્કશન અને પ્રશ્નોત્તરી પછી વિજેતાઓ નક્કી કરવામાં આવ્યા હતા



### હસ્તકલાઓનું સંવર્ધન કરવું અને તેમને ખીલતા જોવાની જવાબદારી આપણી છે

ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગોના સેક્રેટરી અને કમિશનર પ્રવીણ સોલંકી (આઈએએસ)એ કહ્યું કે, કારીગરોને તેમની ઓળખ તેમની હસ્તકલા અને હેન્ડલૂમ વારસાથી મળે છે. આ હસ્તકલાઓનું સંવર્ધન કરવું અને તેમને ખીલતા જોવાની જવાબદારી આપણી છે. અને, તેથી સરકારે EDII જેવી સંસ્થાઓની મદદથી આ ક્ષેત્રમાં વણકર અને કારીગરોને ઉચ્ચ કૌશલ્ય બનાવવા માટે કામ કરવાનું નક્કી કર્યું. અમારા બધા પ્રયત્નોએ પરિણામ દર્શાવ્યું અને અંતે અમે તેમને નવી ડિઝાઇન વિકસાવતા, આધુનિક પદ્ધતિઓ અપનાવતા, તેમના જ્ઞાનનો ઉપયોગ કરતા અને તેમના ઉત્પાદનોના પ્રચાર અને વેચાણ માટે લેટેસ્ટ ટુલ્સનો ઉપયોગ કરી રહ્યાં છે.

### આ પ્રોજેક્ટ ગુજરાતની વર્ષો જૂની હસ્તકલાને પુન:જીવિત કરવા કામ કરી રહી છે

ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લાએ કહ્યું કે,ઈ-કોમર્સ અને સોશિયલ મીડિયા વૈશ્વિક સ્તરે બિઝનેસ લેન્ડસ્કેપને સંપૂર્ણપણે બદલી રહ્યા છે, ગ્રામીણ ઉદ્યોગ સાહસિકો માટે આ ટેક્નોલોજિકલ પ્રગતિઓ અને તે એકલાહાથે જે લાવી શકે તેવી વિશાળ તકોથી વાકેફ રહેવું જરૂરી છે. ગ્રામીણ કારીગરો આ ફેરફારો સાથે ગતિ જાળવી રાખે અને ટકાઉ રહેવા માટે પોતાને સજ્જ કરે તે સુનિશ્ચિત કરવું પણ એટલું જ મહત્ત્વનું છે. સમગ્ર ગુજરાતમાં, હસ્તકલા સેતુ પ્રોજેક્ટના અમલીકરણથી પરંપરાગત કલા અને હસ્તકલાના ક્ષેત્રમાં ગ્રામીણ ઉદ્યોગ સાહસિકતા ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપવામાં મદદ મળી રહી છે. આ પ્રોજેક્ટ ગુજરાતની વર્ષો જૂની હસ્તકલાને પુન:જીવિત કરવા તરફ પ્રશંસનીય પગલું છે જે લગભગ લુપ્ત થવાના આરે હતી.

### હસ્તકલા સેતુ યોજના શું છે?

ઈડીઆઈઆઈ હસ્તકલા સેતુ યોજના માટે ગુજરાતના ગ્રામીણ અને કુટિર ઉદ્યોગોને મજબૂત કરવા આંત્રપ્રિન્યોરલ ઇકોસિસ્ટમ વિકસાવવા માટે પ્રયત્નશીલ છે. હસ્તકલા સેતુ યોજના કૌશલ્ય અને જ્ઞાનના આધારે હસ્તકલા અને હેન્ડલૂમ કારીગરોને ટ્રેનિંગ આપી તેમની પરિસ્થિતિમાં બદલાવ લાવી રહી છે. સપ્ટેમ્બર ૨૦૨૦ માં ૬ જિલ્લાઓ સાથે શરૂ થયેલ આ પ્રોજેક્ટે આજે ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓને આવરી લીધા છે.અત્યાર સુધીમાં, ૩૦૩૬૫ કારીગરોને ટ્રેનિંગ આપવામાં આવી છે, જેમાં ૧૬,૬૭૦ કારીગરોને એડવાન્સ્ડ સ્કિલ ટ્રેનિંગ, જરૂરિયાત આધારિત ડોમેન ટ્રેનિંગ, પ્રમોશન અને માર્કેટિંગની ટ્રેનિંગ અપાઇ છે. આ યોજના દ્વારા બિઝનેસમાં નવા માર્કેટ સુધી પહોંચવા ઓનલાઇન પ્લેટફોર્મ પર નોંધણી, નવા નેટવર્કિંગ વિકલ્પો, ન્યૂ ડિઝાઇનિંગ ડેવલપમેન્ટ અંગે માર્ગદર્શન અપાય છે.